ગુજરાત ઘેટાં અને ઊન વિકાસ નિગમ લિમિટેડ

સંદર્ભઃ માન મંત્રીશ્રી, કૃષિ, સહકાર, પશુપાલન, મત્સ્યોદ્યોગ, ગૌસંવર્ધન, જેલ, કાયદો અને ન્યાયતંત્ર, વૈધાનિક અનેસંસદીય બાબતોનું કાર્યાલય.નો તારીખ ૨૧-૨-૨૦૧૧ નો પત્ર ક્રમાંક એપીએસ-કૃષિ અને કાયદો-૨૨૨-૧૧.

ગુજરાત ઘેટાં અને ઊન વિકાસ નિગમ લિમિટેડ ધ્વારા વર્ષ ૨૦૦૭-૨૦૦૮ થી ૨૦૧૦-૨૦૧૧ (માહે ડિસેમ્બર ૨૦૧૦ સુધી) દરમિયાન હાંસલ કરેલ સિધ્ધીઓ

૧) ગુજરાત ઘેટાં અને ઊન વિકાસ નિગમ લિમિટેડ ની સ્થાપના ધી કંપની ધારા ૧૯૫૬ હેઠળ ડિસેમ્બર, ૧૯૭૦, માં કરવામાં આવેલી છે.

૨) આ નિગમની મંજૂર થયેલી શેર મૂડી રૂા. ૫.૦૦ કરોડ છે અને ભરપાઇ થયેલી શેર મૂડી રૂા. ૪.૩૧ કરોડ છે

૩) રાજય સરકારનો ફાળો ૫૨.૯૫ ટકા છે અને કેન્દ્ર સરકારનો ફાળો ૪૩.૭૫ ટકા છે અને અન્ય સંસ્થાઓનો ફાળો ૩.૩૦ ટકા છે.

૪) નિગમની સ્થાપનાના ઉદેશોમાં ઘેટાં અને ઊનનું ઉત્પાદન, તેની પેદાશોમાં વધારો કરવો અને ઘેટાંપાલકોને આર્થિક રીતે ફાયદો થાય તેવા પગલાં લેવામાં આવે છે.

- ૫) નિગમમાં નીચે મુજબનું આયોજન છે.
- ઉચ્ચ ઓલાદના નર ઘેટાંથી ઓલાદ સુધારણાનો કાર્યક્રમ હાથ ધરવો.
- ઘેટાંની તંદુરસ્તી જળવાય અને ઉત્પાદનમાં વધારો થાય તે માટે આરોગ્યને લગતી સેવાઓ પુરી પાડવી.
- ઊન અને ઊનની પેદાશોનું માર્કેટીંગ કરવું જેથી ઘેટાંપાલકોનું શોષણ અટકે અને પેદાશોના વ્યાજબી ભાવ મળે.

દેશમાં કાર્પેટની બનાવટો માટેની યોગ્ય ગુણવત્તાવાળી ઊનના જથ્થાની ખાધ છે. જેને ધ્યાને લઇ કાર્પેટ યોગ્ય ગુણવત્તા ધરાવતી ઊનના ઉત્પાદનમાં વધારો કરી દેશની જરૂરીયાત ને પહોંચી વળવા પ્રયત્નો કરવા.

૬) નિગમ હસ્તક ૧૦૫ ઘેટાં વિસ્તરણ કેન્દ્રો, ૧ ઘેટાં સંવર્ધન કેન્દ્ર અને ૫ નર ઘેટાં ઉછેર કેન્દ્ર (રેમ ડેપો) આવેલા છે. જેના થકી ઉપર્યુકત કામગીરીઓ હાથ ધરવામાં આવે છે.

૭) દર વર્ષે નિગમ ધ્વારા ઘેટાંપાલકો પાસેથી ૫ થી ૬ લાખ કિલોગ્રામ ઊનની સીધી ખરીદી કરવામાં આવે છે. જેના બજારભાવ ઘેટાંપાલકોને રોકડેથી ચૂકવવામાં આવે છે. પરીણામે ઘેટાંપાલકોનું શોષણ ઘટયું છે.

૮) નિગમે ઘેટાંપાલકોનું વીમો ઉતારવાનું શરુ કર્યું છે. ચાલુ વર્ષે ૬૪૧ ઘેટાંપાલકોનો વીમો ઉતરાવેલ છે.

૯) ચાલુ વર્ષે માહે ડિસેમ્બર ૨૦૧૦ સુધી રૂા. ૩૭૫.૯૫ લાખની નોન પ્લાનની બજેટની જોગવાઇ સામે રૂા. ૪૩૫.૯૫ નો ખર્ચ થયેલ છે.

૧૦) ચાલુ વર્ષે માહે ડિસેમ્બર ૨૦૧૦ સુધી નિગમ ધ્વારા ૧૦.૩૫ લાખ ઘેટાંમાં રસી મુકવામાં આવેલ છે તથા ૧.૩૬ લાખ ઘેટાંને કૃમિનાશક દવા પીવડાવવામાં આવેલ છે.

૧૧) ઘેટાંપાલકોમાં વ્તિરણની પ્રવૃત્તિ અસરકારક થાય તે માટે ઘેટાંની વસ્તી ધરાવતા ગામોનું વસ્તીના પ્રમાણમાં વર્ગીકરણ કરવામાં આવેલ છે અને વર્ગીકરણ પ્રમાણે ગામોની મુલાકાત ની આવૃત્તિ નકી કરવામાં આવે છે

૧૨) ચાલુ વર્ષે માહે ડિસેમ્બર ૨૦૧૦ સુધી ૧૫૭૮ બેઠકનો ઘેટાંપાલકો સાથે આયોજન કરેલ છે અને વિસ્તરણ પ્રવૃત્તિઓનો વ્યાપ અમલ થાય તેવા પ્રયત્નો કરવામાં આવેલ છે.

૧૩) ચાલુ વર્ષે ઊનની વેચાણમાંથી નિગમને રૂા. ૧.૦૦ કરોડ જેટલો નફો થયો છે. જે સૌ પ્રથમવાર નફો થયેલ છે.

૧૪) ઘેટાંના દૂધમાંથી અન્ય બનાવટો જેવી કે ચીઝ બની શકે અને તેની બજાર વ્યવસ્થા કેવી રીતે ગોઠવાય તે માટે નિગમે જરુરી દિશામાં કાર્યવાહી શરુ કરી છે.

૧૫) છેલ્લા ૩ વર્ષ દરમિયાન નિગમ ધ્વારા જે જુદી-જુદી વિસ્તરણ પ્રવૃત્તિઓની કાગમીરી હાથ ધરવામાં આવી છે તેનું પત્રક આ સાથે સામેલ છે.

# ગુજરાત ઘેટાં અને ઊન વિકાસ નિગમ લિમિટેડ

સંદર્ભઃ માન મંત્રીશ્રી, કૃષિ, સહકાર, પશુપાલન, મત્સ્યોધોગ, ગૌસંવર્ધન, જેલ, કાયદો અને ન્યાયતંત્ર, વૈધાનિક અનેસંસદીય બાબતોનું કાર્યાલય.નો તારીખ ૨૧-૨-૨૦૧૧ નો પત્ર ક્રમાંક એપીએસ-કૃષિ અને કાયદો-૨૨૨-૧૧.વિસ્તરણ પ્રવૃતિઓ

| (સંખ્યા લાખમાં) ક્રમ | પ્રવૃતિ (સંખ્યા લાખમાં) | સને ૨૦૦૭-૨૦૦૮ | | સને ૨૦૦૮-૨૦૦૯ | | સને ૨૦૦૯-૨૦૧૦ | | સને ૨૦૧૦-૨૦૧૧ (ડિસેમ્બર ૧૦ સુધી) | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | લક્ષ્યાંક | સિધ્ધિ | લક્ષ્યાંક | સિધ્ધિ | લક્ષ્યાંક | સિધ્ધિ | લક્ષ્યાંક | સિધ્ધિ |
| ૧ | આવરી લીધેલ ઘેટાંની સંખ્યા | ૧૩.૦૦ | ૧૬.૨૨ | ૧૬.૬૪ | ૧૬.૯૯ | ૧૬.૭૦ | ૧૬.૮૯ | ૧૬.૭૦ | ૧૬.૬૯ |
| ૨ | કૃમિનાશક દવા પીવડાવેલ ઘેટાં | ૧૩.૦૦ | ૧૨.૬૫ | ૧૫.૦૦ | ૪.૨૧ | ૧૫.૦૦ | ૧.૩૬ | ૧૫.૦૦ | ૮.૫૮ |
| ૩ | રસીકરણ | ૧૩.૦૦ | ૧૨.૯૫ | ૮.૩૦ | ૧૪.૮૮ | ૮.૦૦ | ૧૦.૩૫ | ૮.૦૦ | ૯.૫૫ |
| ૪ | ડસ્ટીંગ | જરુરીયાત મુજબ | ૭.૫૬ | જરુરીયાત મુજબ | ૪.૭૫ | જરુરીયાત મુજબ | ૨.૧૪ | જરુરીયાત મુજબ | ૦.૫૩ |
| ૫ | ખસીકરણ (સંખ્યા) | ૫૦૦૦ | ૨૩,૦૦૦ | ૫૦૦૦ | ૧૭૦૦૦ | ૫૦૦૦ | ૮૯૮૨ | ૫૦૦૦ | ૪૪૯૨ |
| ૬ | માલધારી સભાઓ (સંખ્યા) | ૧૨૬૦ | ૬,૩૯૦ | ૧૨૬૦ | ૪,૯૦૦ | ૧૨૬૦ | ૨૦૪૨ | ૧૨૬૦ | ૧૫૭૮ |
| ૭ | ગ્રાન્ટ (રૂ.લાખમાં) | ૪૧૮.૮૩ | | ૩૯૧.૩૦ | ૩૯૧.૮૩ | ૫૦૫.૪૧ | | ૫૦૧.૨૬ | ૩૭૫.૯૫ |
| ૮ | ખર્ચ | ૪૧૮.૮૩ | ૪૪૧.૮૨ | ૪૧૭.૮૩ | ૪૧૭.૮૩ | ૫૩૭.૦૫ | ૫૩૭.૦૯ | ૫૦૧.૨૬ | ૪૩૫.૯૫ |
| ૯ | ઊન ખરીદી (લાખ કિલો) | ૬.૦૦ | ૫.૭૦ | ૭.૦૫ | ૬.૬૨ | ૭.૫૫ | ૪.૯૯ | ૭.૫૫ | ૩.૭૬ |